# ભારતના સંતોની ભારતમાં જરૂર નથી ?

બહેન, તમે 'પ્રેરણાબિંદુ'નાં નિયમિત વાચક છો અને તમે તમારા નામ-સરનામા વિનાના પત્રમાં લખો છો કે પ્રેરણાબિંદુ દ્વારા મને મૂંઝવતા મારા પ્રશ્નોના જવાબ આપવા કૃપા કરશો. પરંતુ આપે વિચારવું જોઈએ કે હું કાંઈ તંત્રી કે માલિક નથી. તમે પ્રેરણાબિંદુમાં યોગભિક્ષુનું લખાણ વાંચી શકો છો તે તો 'ગુજરાત સમાચાર'ની (હું માનું છું ત્યાં સુધી) બહુજનહિતાય-બહુજનસુખાયની નીતિને આભારી છે. તમારા પ્રશ્નો કેવળ તમારા જ નહીં પરંતુ ઘણાના છે તેથી ઘણાને ઉપયોગી થઈ પડશે. તેમ સમજીને મારી સમજ મુજબ ઉત્તર આપું છું. તમારો પહેલો પ્રશ્ન છે કે-

**પ્રશ્ન-૧** : ભારતના દરેક સંત વિદેશ જઈને ધર્મ-પ્રચાર કરવાનું કે ત્યાં જ સ્થિર થવાનું વધુ પસંદ કરે છે. તો ભારતના લોકોને સંતોની જરૂર નથી? કે પછી ભારતમાં જિજ્ઞાસુઓ નથી ? કે ભારતનિવાસી કરતાં વિદેશીઓમાં વધુ લાયકાત છે ?

**ઉત્તર** : ભારતના દરેક સંત વિદેશોમાં ધર્મપ્રચારનું અને સ્થિર થવાનું પસંદ નથી કરતા પણ અમુક અમુક સંતોએ તેમ કર્યું છે અને કરે છે. જે સંતો વિદેશોમાં જાય છે તેમનાં નામ છાપે ચડે છે તેથી આપણને તેમની ખબર પડે છે પણ જેઓ ભારતમાં જ છે અને જેમનાં નામો કદી છાપામાં નથી આવતાં તેમની આપણને ખબર પડતી નથી. ખરેખર તો ભારતમાં રહેલા સંતોની આપણને કાંઈ પડી જ છે ક્યાં ? આપણને તો 'ગામનો જોગી જોગટો'જ લાગે છે. વિદેશોમાં જતા સંતોની નોંધ આપણી પાસે છે પણ ભારતના સ્થાયી સંતોની આપણને કાંઈ જ ખબર છે ? કેમ નથી ? જો ખબર હોત તો આવો પ્રશ્ન થાત ? જે સંતો લોકકલ્યાણનાં કાર્યોમાં એવા અને એટલા ઓતપ્રોત થઈ ગયા છે કે તેમનું કોઈ જુદું અસ્તિત્વ જ બાકી નથી રહેતું, તેમની આપણને થોડી પણ ખબર છે ? કેમ નથી ? આપણા જડપણા અને પ્રમાદના કારણે. આપણને પણ વિદેશી સંત મળતા હોય ત્યાં સુધી દેશી સંત નથી જોઈતા અને ફૉરેન રિટર્ન મળતા હોય ત્યાં સુધી હિમાલયના સંત નથી જોઈતા અને હિમાલયના મળતા હોય ત્યાં સુધી આબુના, અને આબુના મળતા હોય ત્યાં સુધી અમદાવાદના સંત નથી જોઈતા, અને અમદાવાદના મળતા હોય ત્યાં સુધી મણીનગરના સંત નથી જોઈતા અને મણીનગરના મળતા હોય ત્યાં સુધી... આવી તો આપણા મગજની વિકૃતિ, બુદ્ધિનું દારિદ્ર છે ! જે સંત સામેથી ચાલીને આપણને માર્ગદર્શન આપવા આવતા હોય તેમને પાસેય ઢૂંકવા ન દેતા હોઈએ પણ તે જ્યારે પરદેશની છાપ ખાઈને પરદેશનું પ્રમાણપત્ર લઈને આવે ત્યારે આપણે શ્રીફળ, નોટોનું બંડલ, ફૂલમાળા, ફ્રૂટનો કરંડિયો અને મીઠાઈની ટોપલી લઈને ચોરને કાંધ મારે એવા તડકામાં ચારપાંચ કલાક સુધી લાઈનમાં ઊભા રહીને તેમની મુલાકાત-દર્શન માટે તલપાપડ થતા હોઈએ છીએ ! તેથી જે સંતોને આવું બધું જોઈતું હોય તેઓ તો જરૂર એક આંટો વિદેશ મારી આવે. ભલે ઉછીના-પાછીના પૈસા લઈને પણ; પછી તો છન્નમછન્ના છે જ ને ! પણ આવું બધું ન જોઈતું હોય અને કેવળ આપણું કલ્યાણ કરવા જ ઈચ્છતા હોય તેઓ પણ એક આંટો પરદેશ લગાવી આવવા મજબૂર થઈ જાય છે; એવી ભાવનાથી કે આ સિવાય આ વણઝાર મારો ભાવ નહીં પૂછે, મારી પાસે ફરકશે જ નહીં તો તેમને ઉપદેશ કઈ રીતે આપી શકીશ? તે માટે મારી જ એક બનેલી વાત કહું.

અમેરિકાના દસ માસના રોકાણ દરમ્યાન વ્યોમિંગસ્ટેટના એક અમેરિકન યોગી સાથે મારે ખાસ્સો એવો તાત્ત્વિક પત્રવ્યવહાર થયો. તેમાં તેમણે એક પત્રમાં લખ્યું હતું કે જેમ ભારતમાં અમુક માણસો ખૂબ બુદ્ધિશાળી છે તેમ અહીં પણ છે. જેમ અહીં ફેંકાઈ ગયેલા ઘણા માણસો છે તેમ ભારતમાં પણ છે. તેથી ભારતના ફેંકાઈ ગયેલા લોકોનો ઉદ્ધાર કરવાનું કામ ભારતના સંતોનું છે. ભારતના સંતો માટે ભારતમાં જ આટલું બધું કાર્ય પડેલું હોવા છતાંય તેમણે અમેરિકા શા માટે આવવું જોઈએ ? ત્યારે અમે જવાબ આપેલો કે -

ભારતના સંતો ભારતના લોકોનો ઉદ્ધાર કરવા જ અમેરિકા આવે છે. જેમ દરદીને ડૉકટરમાં શ્રદ્ધા-વિશ્વાસ ન બેસે ત્યાં સુધી તે ડૉકટરનું કહ્યું કરતો નથી. અને ત્યાં સુધી તેનું દરદ જાય કઈ રીતે ! તેમ ભારતના જે લોકોનો ઉદ્ધાર કરવાનું સંતો વિચારે છે તેઓ તેમનું માનતા નથી. પણ સંત જો એક વખત વિદેશ ચક્કર મારી આવે છે તો સૌ તેમનું માનવા લાગે છે. અમુક સંતો તો આવાં કારણોસર પણ વિદેશ જાય. આ રીતે આપણે જ સંતોને વિદેશ જવાની આડકતરી પ્રેરણા આપતાં હોઈએ છીએ. કોઈ સંતો માટે કુદરત તરફથી જ વિદેશોનું કાર્યક્ષેત્ર નક્કી થયું હોય તો તેઓ પણ વિદેશ જાય. પછી દેશ, કાળ, પરિસ્થિતિ અને કુદરતની પ્રેરણા મુજબ તેઓ પાછા પણ આવે, કે ત્યાં સ્થાયી પણ થઈ જાય, કે આવનજાવન કરતા રહે.

'જિન ખોજા તિન પાઈયા, ગહરે પાની પેઠ-' ભારત તો સંતોની ભૂમિ. ભારતમાં સંતોનો દુકાળ હોય જ નહીં. પરંતુ આપણી જિજ્ઞાસા અધૂરી, પ્રયત્ન પાંગળો અને સાચા મૂલ્યની અજ્ઞાનતા તેથી સંતોને ગોતીએ નહીં અને મળે તો ઓળખીએ નહીં અને ઓળખીએ તો સત્કારીએ નહીં. એક મહિનાના પગાર માટે જેટલો પ્રયત્ન કરીએ છીએ તેટલો પણ સંત માટે કરીએ છીએ ? પ્રથમ તો સંતો વિષેની આપણી વ્યાખ્યા જ ભ્રમમૂલક છે. સંતો પાસેથી શું પ્રાપ્ત કરવાનું છે તેનીય આપણને ખબર નથી. સંત એટલે ચમત્કારી તો હોવા જ જોઈએ અને ચમત્કાર એટલે આપણી ઈચ્છાઓની પૂર્તિ કરે તે, આવી તો આપણી ચીંથરેહાલ સમજણ છે. આપણે ગુરુ-સંતોને ગુરુસંતનું સંબોધન તો કરતા હોઈએ છીએ પણ ભાવના અને વર્તન તો આપણે તેમના ગુરુ-સંત હોઈએ તેવું કરતા હોઈએ છીએ.

**સંતપણું એ કાંઈ આરોપિત વસ્તુ નથી. સંતપણું એ તો એક જીવનશૈલી છે. સ અને અંત એટલે જેની મિથ્યા સમજણનો સારી રીતે અંત આવી ગયો છે તે. આપણે સંતને ઓળખીએ કે ના ઓળખીએ તેથી તેમને કાંઈ હાનિ-લાભ નથી.**

વિદેશોમાં જતા સંતોની આપણને ખબર પડે છે પણ અહીંના સ્થાયી સંતો વિષે આપણને બિલકુલ ખબર નથી. તે આપણી જિજ્ઞાસાની કમી તો ખરી જ ને ? ત્યાં ગયેલા સંત ત્યાં જ સ્થાયી થઈ જાય કે ત્યાંના લોકો તેમને ત્યાં જ રોકી રાખી શકે તેટલું તેમનામાં કાંઈક તો ખરું જ ને ? જેમ ભારતનું અમુક અમુક ખૂબ વખાણવા લાયક છે તેમ ત્યાં અમુક એવું કેમ ન હોઈ શકે? જો ભારતના બધા જ લોકો સંતપ્રેમી હોય તો એક પણ સંતને પોતાના પ્રેમીને છોડીને બહાર જવાનો મોકો જ ક્યાંથી મળે ? બધા જ ભારતીયો સંતપ્રેમી છે એવું પણ કાંઈ નથી. ઊલટાનું કોઈ કોઈ તો સંતનું માત્ર નામ સાંભળીને ભડકે છે ! ભારતમાં ભારતના પ્રમાણમાં સંતો, જિજ્ઞાસુઓ અને અધિકારીઓ છે તેમ વિદેશોમાં પણ વિદેશોના પ્રમાણમાં હોય.

સંતોનો બાહ્ય દેખાવ દેશ, કાળ, પરિસ્થિતિ, સંસ્કાર, અનુકૂળતા વગેરે અનુસાર ગમે તેવો હોઈ શકે. ખરું સંતપણું હૃદય સાથે નિસ્બત રાખે છે અને તેથી તેમને હૃદયથી ઓળખવાનો પ્રયત્ન કરવો ઘટે, બુદ્ધિથી નહીં.

સંતને તો સબ ભૂમિ ગોપાલકી અને સબ જિજ્ઞાસુ અધિકારી લાગે છે. પરંતુ આપણી અલ્પજ્ઞતા અને અહંકારના કારણે આપણે બગાસું ખાતાં મોઢામાં આવી પડેલા સાકરના ગાંગડાને ખોઈ બેસીએ છીએ અથવા એમ માનતા થઈ જઈએ છીએ કે ''મારા સિવાય બીજા કોઈને આટલી સરળતાથી આવો મોટો લાભ ન મળવો જોઈએ, આવું અધિકારીપણું તો મારા એકલામાં જ છે.'' સરોવરને શું ? તે તો આ કાંઠેથી સામા કાંઠા સુધી ડેકા દઈ રહ્યું છે. ''અમુક પક્ષીઓ તેમાંથી પાણી પીવે તો હું તેમાંથી પાણી ન પીવું '' એવી ઈર્ષા જે પક્ષીને થાય તેના માટે સરોવર બિચારું શું કરે ? તે તો નથી તો કોઈને બોલાવતું કે નથી તો કોઈને ના પાડતું. તેના તો બધા જ ભેદભાવો છૂટી ગયા છે. તેમનું તો પરમાત્મારૂપી અખૂટ સરોવર સાથે મિલન થઈ ચૂક્યું છે. તેથી ગમે એટલાં પક્ષીઓ તેનું પાણી પીવે તોય પાણી ખૂટવાનું નથી.

સૌની જિજ્ઞાસા અને અધિકાર પ્રમાણે સૌને સંત મળતા હોય છે. શંકાઓ અને પ્રશ્નો કરવા કરતાં અધિકાર વધારવાનો પ્રયત્ન કરવો વધુ લાભદાયક છે. કારણ કે ક્યારેક એવું બને કે એક પ્રશ્નનું સમાધાન કરતાં બીજા અનેક પ્રશ્નો જાગે. જેમ એક સાંઢણીને જબરજસ્તી બેસાડવા જતાં બીજી નવ્વાણું ઊભી થઈ ગઈ હતી તેમ. જોકે જિજ્ઞાસુને આવા પ્રશ્નો જાગે તે સ્વાભાવિક છે. પરંતુ આમાંથી અતિ શીઘ્ર ઉપરામ થઈ જવું ખૂબ ઉપકારક છે.

તમારો બીજો પ્રશ્ન છે કે-

**પ્રશ્ન-૨:** બાળક અને પતિની જવાબદારીમાંથી મુક્ત થયેલ સ્ત્રીએ કલ્યાણમાર્ગમાં આગળ કઈ રીતે વધવું ?

આનો જવાબ ફરી ક્યારેક.